# શ્રી બોડેલી વિભાગ કેળવણી મંડળ, બોડેલી સંચાલિત

# શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ & કોમર્સ કોલેજ, બોડેલી

## Computer Programmer વર્ગ–૩ બિન અનામત (OPEN)ની લેખિત પરીક્ષા

| પરીક્ષા નંબર : | | પેપર કોડ : D |
|---|---|---|

### ઉમેદવાર માટેની અગત્યની સૂચનાઓ;

1. પ્રશ્નપુસ્તિકામાં કુલ ૨૧૦ હેતુલક્ષી પ્રશ્નો છે. દરેક પ્રશ્નનો ૧ ગુણ છે.
2. Part - A માં કુલ ૯૦ અને Part - B માં કુલ ૧૨૦ એમ કુલ ૨૧૦ MCQ પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.
3. Part-A અને Part-B માટે સંયુકત રીતે કુલ સમય ૩ કલાક (૧૮૦ મિનિટ) નો રહેશે.
4. ૧ થી ૨૧૦ પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) તો તરત જ પ્રશ્નપુસ્તિકા ખંડ નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી.
5. OMR Sheet ઉપર આપનો પરીક્ષા નંબર અને પેપર કોડ ફરજિયાત લખવાનો રહેશે.
6. પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતી ધ્યાનમાં આવશે તો તે ઉમેદવારને સંપૂર્ણ ગેરલાયક ઠરાવવામાં આવશે.
7. પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારના ઇલેક્ટ્રીક ઉપકરણો, મોબાઈલનો ઉપયોગ કરવો નહી અને પરીક્ષાખંડમાં સાથે રાખવા પણ નહી.
8. ઉમેદવારે માત્ર બ્લેક અને બ્લૂ બોલ પેનનો ઉપયોગ કરવાનો રહેશે. અન્ય કોઈપણ પ્રકારની પેન અને પેન્સિલનો ઉપયોગ O.M.R. શીટમાં કરવો નહી.
9. ખોટા જવાબદીઠ, છેકછાકવાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ પધ્ધતિ લાગુ પડશે.
10. દરેક પ્રકાના જવાબોમાં એક વિકલ્પ "E" "Not Attempted" માટેનો રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ઇચ્છતા ના હોય તો આ વિકલ્પ પસંદ કરી શકાશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહી.
11. પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહી કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે.
12. પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફકામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહિ. જવાબવહીમાં (O.M.R.SHEET) કઈ પણ રફકામ કરવું નહિ. કોઈપણ ઉમેદવારે પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવા નહીં.
13. આ જવાબવહી (O.M.R. SHEET) વળે, ફાટે કે બગડે નહિ તેની ખાસ કાળજી રાખવી.
14. આ સૂચનાઓના અનાદર માટે ઉમેદવાર સાથે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
15. ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.
16. Part - A અને Part - B નું સ્વતંત્ર (અલાયદું) Qualifying Standard રહેશે. તથા બંને પાર્ટમાં આ ધોરણ મેળવતા ઉમેદવારોની Part-A અને Part - B માં મેળવેલ ગુણને આધારે મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે.

9) આપેલ શ્રેણીમાં પ્રશ્નચિન્હ (?) ના સ્થાને શું આવવું જોઈએ? 129, 177, 233, 297, ?, 449

(A) 264 (B) 369

(C) 408 (D) 492

10) નીચે આપેલ શ્રેણીમાં બંધબેસતી ન હોય તેવી સંખ્યા કઈ ? સાચા વિકલ્પની પસંદગી કરો. 9, 64, 25, 214, 49, 512

(A) 25 (B) 512

(C) 49 (D) 214

11) AYD, BVF, DRH, ________, KGL

(A) FMI (B) GLI

(C) GMJ (D) HLK

12) જો ROSE = 57, LILY = 58, JASMINE = 71, તો TULIP = ?

(A) 68 (B) 78

(C) 71 (D) 61

13) જો '-' નો અર્થ 'ભાગાકાર' થાય, '+' નો અર્થ 'ગુણાકાર' થાય, 'x'નો અર્થ 'સરવાળો' થાય, '+' નો અર્થ 'બાદબાકી' થાય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નાર્થ ચિહ્ન (?) ની જગ્યાએ શું આવશે? 70/9 + 162 - 81 x 1 = ________

(A) 632 (B) 629

(C) 630 (D) 631

14) એક વ્યકિત પૂર્વ તરફ 1 કિમી ચાલી, દક્ષિણે વળી અને 5 કિમી ચાલે છે. ફરીથી તે પૂર્વ તરફ વળી અને 2 કિમી ચાલે છે. પછી તે ઉત્તર તરફ વળી અને 9 કિમી ચાલે છે. આરંભિક બિંદુથી તે હવે કેટલો દૂર છે?

(A) 5 km (B) 4 km

(C) 3 km (D) 7 km

15) એક વર્ગમાં ગણિત વિષયમાં 70% વિદ્યાર્થીઓ પાસ થાય છે. પાસ થતા વિદ્યાર્થી પૈકી ગૌરવનો આગળથી ક્રમ સાતમો અને પાછળથી ક્રમ 36 મો છે, તો વર્ગમાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા છે.

(A) 48 (B) 56

(C) 60 (D) 64

16) પાંચ વ્યકિતઓ G, H, I, J અને V ની અલગ અલગ ઉંમર છે. G માત્ર એક જ વ્યકિત કરતા મોટો છે. JA V અને H કરતા નાનો છે. I એ H કરતા મોટો છે પણ V કરતા નાનો છે. તો ઉંમરમાં સૌથી મોટો કોણ છે?

(A) H (B) J

(C) V (D) I

17) જો 3896427 સંખ્યાના દરેક બેકી અંકમાં 1 ઉમેરવામાં આવે અને દરેક એકી અંકમાંથી 2 બાદ કરવામાં આવે, તો આ રીતે બનેલી નવી સંખ્યામાં નીચેનામાંથી કેટલા અંક એક કરતા વધુ વખત દેખાશે?

(A) એક (B) બે

(C) ત્રણ (D) એકપણ નહીં

18) જો 14 જાન્યુઆરી 1993ના રોજ ગુરૂવાર હતો. તો 14 નવેમ્બર 1993 ના રોજ અઠવાડિયાનો દિવસ કયો હતો?

(A) શુક્રવાર (B) ગુરુવાર

(C) રવિવાર (D) બુધવાર

**શ્રી બોડેલી વિભાગ કેળવણી મંડળ સંચાલિત**

**શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બોડેલી**

**Computer Programmer વર્ગ-૩ બિન અનામત (OPEN)ની લેખિત પરીક્ષા**

**======================PART-A=======================**

1) 10 વ્યકિતઓ એક કામ 08 દિવસમાં પૂરું કરે છે. 06 વ્યકિતઓને એ જ કામ પુરું કરવા માટે કેટલા દિવસો જોઈશે ?

(A) 13.33
(B) 10.33
(C) 12.33
(D) 15.33

2) બે પાઈપ એક ટાંકીને અનુક્રમે 10 કલાક અને 12 કલાકમાં ભરી શકે છે તથા ત્રીજો પાઈપ ટાંકીને 20 કલાકમાં ખાલી કરી શકે છે. જો ત્રણેય પાઈપ એકસાથે ખોલવામાં આવે તો તે ટાંકી કેટલા સમયમાં ભરાશે ?

(A) 8 કલાક
(B) 7 કલાક 30 મિનિટ
(C) 8 કલાક 30 મિનિટ
(D) ઉપરોકત પૈકી કોઈ નહીં

3) બે ટ્રકની ઝડપનો ગુણોત્તર 5: 2 છે. ઝડપી ટ્રક દ્વારા 190 kmનું અંતર કાપવામાં લાગતો સમય અન્ય ટ્રક કરતા ૩ કલાક ઓછો છે. તો ધીમા ટ્રકની ઝડપ શોધો.

(A) 44 km/hr
(B) 48 km/hr
(C) 38 km/hr
(D) 33 km/hr

4) એક લંબચોરસની પહોળાઈ 25 સેમી છે. જો તેનું ક્ષેત્રફળ 1025 ચો.સેમી હોય તો તેની પરિમિતી 29 કેટલી થશે ?

(A) 60 સે.મી.
(B) 64 સે.મી.
(C) 66 સે.મી.
(D) 132 સે.મી.

5) તેની સંભાવના કેટલી? બાવન પાનામાંથી એક પાનું યથેચ્છ રીતે ખેંચવામાં આવે તો તે પાનું રાજા અથવા રાણીનું હોય

(A) 41487
(B) 41365
(C) 41334
(D) 41306

6) જે રીતે બીજી સંખ્યા સાથે પહેલી સંખ્યા સંબંધિત છે, એ રીતે ત્રીજી સંખ્યા સાથે સંબંધિત હોય એ સંખ્યા નીચેના વિકલ્પોમાંથી પસંદ કરો. 784:28:: 1024:?

(A) 30
(B) 32
(C) 36
(D) 34

7) તે સમૂહ પસંદ કરો કે જેમાં અક્ષર–સમૂહ એવી રીતે સંબંધિત હોય જે રીતે નીચેના બે ગણના અક્ષર–સમૂહ સંબંધિત છે. QLC: RNF, JDU: KFX

(A) VMR: XOT
(B) CHO: DJS
(C) PSI: QUL
(D) NTF: OWI

8) નીચેના પૈકી કઈ બાબત અન્યને મળતી નથી ?

(A) સિંહ
(B) રીંછ
(C) ચીત્તા
(D) વાઘ

19) એક દિવસમાં ઘડિયાળના મિનિટ અને કલાક કાંટા કેટલી વાર એકબીજાથી કાટખૂણે હોય છે?

(A) 40
(B) 24
(C) 42
(D) 44

20) A, B, C, D અને E એક જ પરિવારના લોકો છે. A એ B ની બહેન છે. B એ C ની પુત્રી છે. E એ D ના પિતા છે. D એ A નો ભાઈ હોય તો E નો C સાથે શું સંબંધ હોય ?

(A) ભાઈ
(B) પતિ
(C) પુત્ર
(D) નક્કી થઈ શકે નહિ

21) A, B, C, D, E એક હરોળમાં ઊભા છે. Bએ A ની જમણી તરફ છે અને C ની ડાબી તરફ છે. D એ C ની જમણી તરફ છે અને E ની ડાબી તરફ છે. તો મધ્યમાં કોણ ઊભું છે?

(A) C
(B) E
(C) D
(D) A

22) એક પ્રશ્ન પછી બે વિધાન ક્રમાંકિત (I) અને (II) દ્વારા અનુસરવામાં આવે છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાન વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પાંચ મિત્રો B, H, U, W અને Z અલગ અલગ ઉંમરના છે. તેમાંથી સૌથી મોટો કોણ છે? વિધાનો:

(I) ફક્ત ત્રણ જ લોકો H કરતા નાના છે. B એ H કરતા મોટો છે.

(II) W એ U કરતા મોટો છે. W કરતા ફક્ત બે જ લોકો નાના છે.

(A) વિધાન I અને II ની આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.(માત્ર વિધાન I કે માત્ર વિધાન II ની એકલી માહિતી પૂરતી નથી.)
(B) વિધાન I માં આપેલ માહિતી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલ માહિતી પૂરતી નથી.
(C) વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાનામાં આપેલ માહિતી પૂરતી નથી.
(D) પ્રશ્નનો જવાબ આપવા માટે બંને વિધાન I અને II એકસાથે પૂરતા નથી.

23) આપેલ વિધાનો અને તારણો ધ્યાનથી વાંચો એવું માની લો ભલે તે સામાન્ય રીતે જાણીતા તથ્યોથી ભિન્ન લાગતાં હોય, અને નક્કી કરો કે આપેલામાંથી કયું/કયા તારણ/તારણો તાર્કિક રીતે વિધાનોને અનુસરે છે.

વિધાનો :

કેટલાક મોબાઈલ, લેપટોપ છે. બધા લેપટોપ ટીવી છે. કોઈ ટીવી, પ્રોજેક્ટર નથી.

તારણો :

(1) કેટલાક લેપટોપ, પ્રોજેક્ટર હોય છે.

(2) કેટલાક મોબાઈલ, ટીવી છે.

(A) બંને તારણો (1) અને (2) અનુસરે છે.
(B) માત્ર તારણ (1) અનુસરે છે.
(C) ન તો તારણ (1) અને ન તો (2) અનુસરે છે
(D) માત્ર તારણ (2) અનુસરે છે.

24) નેત્રસ્તર દાહ : આંખ :: દમ : ?

(A) હાડકાં
(B) ફેફસાં
(C) લોહી
(D) દાંત

25) જ્યાં લાગુ પડતું હોય ત્યાં, સરવાળા અને બાદબાકીની પ્રક્રિયાનો ઉપયોગ કરીને નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે પ્રશ્ન ચિહ્ન (?) ની જગ્યાએ શું આવશે?

41, 48, 60, 67, 79, ?, ?

(A) 90, 78
(B) 78, 90
(C) 98, 86
(D) 86, 98

નિમ્ન વિધાનો વાંચી અને પ્રશ્ન નંબર 26 થી 30ના જવાબ આપો: એક હોટલમાં 5 મિત્રો અમિત, ભારતી, ચરણ, દિપક અને ઈશાન બેઠા છે. તે 5 વિભિન્ન રંગોની ટોપી પહેરીને બેઠા છે – પીળી, વાદળી, લીલી, સફેદ અને લાલ. એ સિવાય તેઓ 5 વિભિન્ન નાસ્તા –બર્ગર, સેન્ડવિચ, આઈસક્રીમ, પેસ્ટ્રી અને પિઝ્ઝા ખાઈ રહ્યા છે. (1) લાલ ટોપી પહેરેલો વ્યકિત પેસ્ટ્રી ખાય છે. (2) અમિત આઈસક્રીમ ખાતો નથી અને ચરણ સેન્ડવિચ ખાય છે. (3) ભારતી એ પીળી ટોપી પહેરી છે અને અમિતે વાદળી ટોપી પહેરી છે. (4) ઈશાન પિઝ્ઝા ખાય છે અને તેને લીલી ટોપી પહેરી નથી.

26) અમિત શું ખાય છે ?

(A) આઈસક્રીમ
(B) સેન્ડવિચ
(C) બર્ગર
(D) પેસ્ટ્રી

27) લીલી ટોપી કોણે પહેરી છે ?

(A) ચરણ
(B) ભારતી
(C) અમિત
(D) દિપક

28) આઈસક્રીમ કોણ ખાય છે ?

(A) ચરણ
(B) ભારતી
(C) અમિત
(D) દિપક

29) ઈશાને પહેરેલી ટોપીનો રંગ કયો છે ?

(A) લીલી
(B) વાદળી
(C) પીળી
(D) સફેદ

30) નિમ્નમાંથી કયું જોડકું સાચું નથી ?

(A) લીલી ટોપી + પિઝ્ઝા
(B) લાલટોપી + પેસ્ટ્રી
(C) પીળી ટોપી + આઈસક્રીમ
(D) વાદળી ટોપી + બર્ગર

31) જો કોઈ સાંકેતિક ભાષામાં ARMY નો કોડ BTPC હોય તો POLICE શબ્દનો કોડ શું થાય ?

(A) QQOMHK
(B) QROMHK
(C) QPMJDF
(D) આપેલ પૈકી એકપણ નહિ

32) જો '-'નો અર્થ ગુણાકાર,'x'નો અર્થ સરવાળો, '+' નો અર્થ બાદબાકી અને '+' નો અર્થ ભાગાકાર હોય તો નીચેની પદાવલીનું મૂલ્ય શોધો.

8 - 3/16 * 36 + 6

(A) 10
(B) 12
(C) 14
(D) 16

33) A, B, C, D અને E દરેક અલગ અલગ ગુણ મેળવ્યા માત્ર બે જ લોકોએ D કરતાં ઓછા ગુણ મેળવ્યા. માત્ર એક જ વ્યકિતએ A કરતાં વધુ ગુણ મેળવ્યા. B એ E કરતા વધુ ગુણ મેળવ્યા નથી. B એ સૌથી ઓછા ગુણ મેળવ્યા નથી. તો કુલ કેટલા લોકોએ C કરતાં વધુ ગુણ મેળવ્યા?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) ચાર

34) નીચેના શબ્દોને શબ્દકોશમાં, મૂળાક્ષર મુજબ ગોઠવતાં છેલ્લો શબ્દ કયો હશે?

(A) Abandon
(B) Actuate
(C) Accumulate
(D) Acquit

35) એક ચોકકસ સાંકેતિક ભાષામાં,
'A+ B' નો અર્થ A એ B નો પુત્ર છે.
'A- B' નો અર્થ A એ B નો ભાઈ છે.
'A × B' નો અર્થ A એ B ની પત્ની છે. અને
'A : B' નો અર્થ A એ B ના પિતા છે.
જો 'CxV-R+N+M' હોય તો C નો M સાથે શું સંબંધ છે?

(A) પતિના ભાઈની પત્ની
(B) પતિના ભાઈની પુત્રી
(C) ભાઈની પુત્રી
(D) ભાઈની પત્ની

36) ડૉ. વાય.વી. રેડ્ડી ________________ ના અધ્યક્ષ હતા.

(A) ભારતના 15માં નાણાપંચ
(B) ભારતના 12મા નાણાપંચ
(C) ભારતના 14માં નાણાપંચ
(D) ભારતના 10મા નાણાપંચ

37) નીચેનામાંથી કઈ તારીખે ભારતીય બંધારણનો કાયદો અપનાવવામાં આવ્યો હતો?

(A) 26મી જાન્યુઆરી, 1950
(B) 15મી ઓગસ્ટ, 1947
(C) 26મી નવેમ્બર, 1949
(D) 26મી નવેમ્બર, 1950

38) નીચે પૈકી કયું સ્વતંત્ર રાજ્ય ત્યાંના લોકોની સહમતિથી ભારતીય સંઘમાં વિલય થયું?

(A) જમ્મુ અને કાશ્મીર
(B) સિક્કિમ
(C) ગોવા
(D) હૈદરાબાદ

39) 6 થી 14 વર્ષની વયના પ્રત્યેક બાળકોને શિક્ષણનો મૂળભૂત અધિકાર બંધારણની કઈ કલમમાં સમાવિષ્ટ છે?

(A) અનુચ્છેદ 22-અ
(B) અનુચ્છેદ 21-અ
(C) અનુચ્છેદ 23
(D) અનુચ્છેદ 21

40) ____________એ તમામ આદર્શોનો સમાવેશ કરે છે જેને રાજ્યએ અનુસરવા જોઈએ અને દેશ માટે નીતિઓ ઘડતી વખતે અને કાયદા ઘડતી વખતે ધ્યાનમાં રાખવા જોઈએ

(A) મૂળભૂત અધિકારો (Fundamental Rights)
(B) મૂળભૂત ફરજો (Fundamental Duties)
(C) રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતો (DPSP) (Directive Principles of State Policy)
(D) બંધારણ (Constitution)

41) કેટલામો બંધારણીય સુધારો મહિલાઓને રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હીની વિધાનસભા, લોકસભા, રાજ્યસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં મહિલાઓ માટે 33% અનામત આપવાની જોગવાઈ કરી છે?

(A) 100 મો સુધારો
(B) 105 મો સુધારો
(C) 106 મો સુધારો
(D) 107 મો સુધારો

42) ભારતીય સંસદ બાબતે નીચેના વિકલ્પમાંથી સાચા વિકલ્પની પસંદગી કરો.

વિધાન 1 : મૂળભૂત અધિકારોના અમલ બાબતના કાયદા માત્ર સંસદ જ ઘડી શકે છે.

વિધાન 2 : અનુચ્છેદ 79 મુજબ સંસદમાં રાષ્ટ્રપતિ, લોકસભા અને રાજ્યસભાનો સમાવેશ થાય છે.

વિધાન 3 : સંસદના નીચલા ગૃહના સભ્યો દ્વારા સંબંધિત રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશનું પ્રતિનિધિત્વ કરવામાં આવે છે જયારે ઉપલા ગૃહના સભ્યો દ્વારા પ્રજાનું પ્રતિનિધિત્વ કરવામાં આવે છે.

(A) વિધાન 1 અને 2
(B) વિધાન 1 અને 3
(C) વિધાન 2 અને ૩
(D) તમામ વિધાન સાચા છે

43) સંસદના કોઈપણ ગૃહના અથવા કોઈપણ રાજ્યના વિધાનમંડળના ગૃહના સભ્ય તરીકે કોણ ન હોઈ શકે?

(A) ભારતના વડાપ્રધાન
(B) ભારતના રાષ્ટ્રપતિ
(C) રાજ્યના મુખ્યમંત્રી
(D) ભારતના નાણામંત્રી

44) રાજ્યપાલની સત્તાઓ વિષે નીચેનાં વિધાનો ધ્યાને લો.

1. રાજ્યપાલ રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક કરે છે.

2. રાજ્યપાલ રાજ્ય જાહેર સેવા આયોગના અધ્યક્ષની નિમણૂક કરે છે.

ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એકપણ નહીં

45) 73મા બંધારણીય સુધારા અધિનિયમ સંદર્ભે ગ્રામસભા ________ ની બનેલી હોય છે.

(A) પંચાયત હેઠળ ગામની તમામ પુખ્ત વસ્તી
(B) પંચાયત હેઠળના ગામની પાંચ વર્ષથી ઓછી વય ધરાવતા બાળકો સિવાયની તમામ વસ્તી
(C) પંચાયત હેઠળના ગામના નોંધાયેલ મતદારો
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

46) ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં ત્રણ 'નવા ફોજદારી કાયદાઓ જેમ કે ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ' માટે ન્યાયિક અધિકારીઓની તાલીમ ક્યારે લેવામાં આવી?

(A) 31 મેં 2024
(B) 30 જુન 2024
(C) 25 એપ્રિલ 2024
(D) 12 જુલાઈ 2024

47) વિશ્વના પ્રથમ સીએનજી (CNG) ટર્મિનલનું નિર્માણ નીચેનામાંથી કયાં સ્થળે થયું છે ?

(A) હજીરા
(B) દહેજ
(C) ભાવનગર
(D) કચ્છ

48) માર્ચ 2025માં યોજાયેલી નીચેનામાંથી કઈ બહુરાષ્ટ્રીય નૌકાદળ કવાયતમાં ભારત, ઓસ્ટ્રેલિયા, જાપાન, દક્ષિણ કોરિયા અને યુનાઈટેડ સ્ટેટ્સે ભાગ લીધો હતો. જેમાં સબમરીન વિરોધી યુદ્ધ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

(A) મલબાર કવાયત
(B) સી ડ્રેગન કવાયત
(C) લા પેરોઝ કવાયત
(D) RIMPAC કવાયત

49) 2025માં, નીચેનામાંથી કયો આફ્રિકન દેશ ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) સાથે કન્ટ્રી પાર્ટનરશિપ ફ્રેમવર્ક (CPF) પર હસ્તાક્ષર કરનાર પ્રથમ દેશ બન્યો?

(A) નાઈજીરીયા (B) દક્ષિણ આફ્રિકા

(C) મોરેશિયસ (D) કેન્યા

50) કેન્દ્રીય બજેટ 2025-26 અનુસાર, ભારતના આર્થિક વિકાસને આગળ ધપાવતા ચાર પ્રાથમિક એન્જિન કયા છે?

(A) કૃષિ, MSME, રોકાણો અને નિકાસો (B) ટેકનોલોજી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણો અને નિકાસો

(C) ઉદ્યોગ, સેવાઓ, રોકાણો અને નિકાસો (D) કૃષિ, MSME, રોકાણો અને આયાતો

51) નીચેનામાંથી કયા સંગઠને વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2025નું સહ-પ્રકાશન કર્યું હતું?

(A) વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (વિશ્વ આર્થિક મંચ) (B) ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)

(C) વર્લ્ડ હેલ્થ ઓર્ગેનેઈઝેશન (WHO)વિશ્વ આરોગ્ય સંસ્થા (D) યુનાઈટેડ નેશન્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્ક (UNSDSN)

52) ફિલ્મ નિર્માતાઓને આકર્ષવા માટે ગુજરાત રાજ્યના કયા વિભાગ દ્વારા 'સિનેમેટિક ટુરિઝમ પોલિસી '2022-2027' જાહેર કરવામાં આવી છે ?

(A) રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ (B) ઉદ્યોગ અને ખાણ વિભાગ

(C) નાણાં વિભાગ (D) મહેસૂલ વિભાગ

53) વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એક ભારત, શ્રેષ્ઠ ભારતના વિઝનને સાકાર કરવા માટે બિન-નિવાસી ગુજરાતી વિભાગ દર વર્ષે દેશના વિવિધ રાજ્યોમાં સડક ગુજરાત કાર્યક્રમનું આયોજન કરે છે. આ પહેલના ભાગરૂપે, 2025નો સડક, ગુજરાત કાર્યક્રમ કયા રાજયમાં યોજાયો હતો?

(A) આસામ (B) મધ્યપ્રદેશ

(C) રાજસ્થાન (D) ઉત્તરપ્રદેશ

54) ગુજરાત સ્થિત ઉદ્યોગપતિ પંકજ પટેલને 2025 માં કયા ક્ષેત્રમાં પદ્મ ભૂષણ આપવામાં આવ્યું?

(A) કલા ક્ષેત્રમાં (B) દવા ક્ષેત્રમાં

(C) જાહેર બાબતોના ક્ષેત્રમાં (D) વેપાર અને ઉદ્યોગના ક્ષેત્રમાં

55) જાન્યુઆરી 2025માં, વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં બાળકોની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે નીચેનામાંથી કઈ ભારતીય સંસ્થાએ ઈન્ડિયા ચાઈલ્ડ રાઈટ્સ ઈન્ડેકસ (ICRI) લોન્ચ કર્યો?

(A) રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ (NCPCR) (B) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય

(C) નેશનલ લો સ્કૂલ ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી ખાતે સેન્ટર ફોર ચાઈલ્ડ એન્ડ ધ લો (D) ચાઈલ્ડલાઈન ઈન્ડિયા ફાઉન્ડેશન

નીચેના ગદ્ય ખંડને વાંચો અને પ્રશ્નોના જવાબ આપો.

ભારતનું અર્થતંત્ર વૈશ્વિક સ્તરે મહત્વપૂર્ણ અને ઝડપથી વિકસતું અર્થતંત્ર છે, જે વિશ્વના અર્થતંત્રમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. દેશમાં વિવિધ આર્થિક પ્રવૃતિઓ જોવા મળે છે, જેમાં કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્ર મુખ્ય ભૂમિકા ભજવે છે. ભારતના ગ્રામીણ વિસ્તારોમાં ખેતી આજે પણ સૌથી મોટો રોજગારીનો સ્ત્રોત છે. પરંતુ, કૃષિ ક્ષેત્રનું અર્થવ્યવસ્થામાં યોગદાન પ્રમાણમાં ઓછું છે, જે ઉત્પાદકતાની સમસ્યાને દર્શાવે છે. ખેડૂતોને ટેકનોલોજી, આધુનિક ખેતી પદ્ધતિઓ અને બજારની પહોંચના અભાવનો સામનો કરવો પડે છે. આથી, સરકાર વિવિધ

યોજનાઓ અને સહાય દ્વારા કૃષિ ક્ષેત્રની કાર્યક્ષમતા સુધારવાના પ્રયાસો કરી રહી છે. સેવા ક્ષેત્ર, વિશેષ કરીને આઈટી, બેન્કિંગ, ટેલિકોમ, પર્યટન અને અન્ય વ્યાયસાયિક સેવાઓ અર્થવ્યવસ્થામાં નોંધપાત્ર યોગદાન આપે છે અને વિશ્વ સ્તરે ભારતની ઓળખ બનાવે છે. આ ક્ષેત્રમાં કુશળતા અને નવીનતાથી ભરપૂર રોજગારીનું સર્જન થાય છે, જેના કારણે દેશ-વિદેશના રોકાણકારોનું ધ્યાન આકર્ષાય છે. ઉત્પાદન ક્ષેત્રને મજબૂત બનાવવા માટે 'મેક ઈન ઈન્ડિયા' જેવી પહેલ શરૂ કરવામાં આવી છે, જેના પરિણામે દેશમાં વિદેશી રોકાણ અને સ્થાનિક ઉત્પાદનમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. 'ડિજિટલ ઈન્ડિયા' જેવી યોજનાઓ દ્વારા ડિજિટલ માળખાકીય સુવિધાઓને સુદ્રઢ બનાવીને દેશને વૈશ્વિક ટેકનોલોજી કેન્દ્ર બનાવવાની દિશામાં પગલા લેવામાં આવી રહ્યાં છે. તેમ છતાં, ભારતના અર્થતંત્રમાં હજુ પણ બેરોજગારી, વેપાર ખાદ્ય અને મોંઘવારી જેવા પડકારો છે, જે આર્થિક વિકાસને અવરોધે છે. સરકારે 'ઉત્પાદન સાથે જોડાયેલ પ્રોત્સાહન યોજના (પી.એલ.આઈ.)' સહિત વિવિધ પગલાં લઈને સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહિત કરવાનું શરૂ કર્યું છે, જેનાથી રોજગારી અને ઉત્પાદનમાં વધારો થાય છે.

56) ભારતમાં સૌથી વધુ રોજગારી આપતું ક્ષેત્ર કયું છે ?

(A) સેવા ક્ષેત્ર (B) કૃષિ ક્ષેત્ર
(C) ઉત્પાદન ક્ષેત્ર (D) ઉદ્યોગ ક્ષેત્ર

57) કૃષિ ક્ષેત્રનું અર્થતંત્રમાં યોગદાન કેવી સમસ્યા દર્શાવે છે? 82

(A) બજારનો અભાવ (B) ટેકનોલોજીની ઉપલબ્ધતા
(C) ઉત્પાદકતાની સમસ્યા (D) જમીનની અછત

58) ભારતમાં કયું ક્ષેત્ર ખાસ કરીને આઈટી, બેન્કિંગ અને ટેલિકોમ જેવા ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરે છે ?

(A) સેવા ક્ષેત્ર (B) કૃષિ ક્ષેત્ર
(C) ઉત્પાદન ક્ષેત્ર (D) ઉદ્યોગ ક્ષેત્ર

59) ડિજિટલ ઈન્ડિયા' યોજના હેઠળ શેને મજબૂત બનાવવામાં આવી રહ્યું છે ?

(A) ગ્રામ્ય ખેતી પદ્ધતિ (B) ડિજિટલ માળખાકીય સુવિધાઓ
(C) આંતરરાષ્ટ્રીય વેપાર (D) કૃષિ ઉત્પાદકતા

60) ભારતના અર્થતંત્રના મુખ્ય પડકારોમાં કયો પડકાર ઉલ્લેખાયેલ છે ?

(A) પર્યટનમાં વૃદ્ધિ (B) વિદેશી રોકાણમાં વધારો
(C) વેપાર ખાદ્ય (D) કૃષિનું આધુનિકીકરણ

Read the given passage and answer the questions that follow.

Artificial Intelligence (AI) has transformed the way people live, work and interact with technology. AI-powered assistants like Siri and Alexa help users with tasks such as setting reminders, playing music and answering questions. In healthcare, AI aids in diagnosing diseases and analysing medical data. AI is also used in transportation, with self-driving cars and traffic management systems improving road safety. Online shopping platforms use AI to recommend products based on user preferences, while social media platforms personalise content through AI algorithms. However, AI also raises ethical concerns, such as data privacy and job automation. Many fear that AI could replace human jobs, but experts believe it will create new employment opportunities in AI-related fields.

The key to harnessing AI's potential lies in responsible development and regulation. As AI continues to evolve, its impact on daily life will only grow, making it essential for individuals and industries to adapt.

61) What is one concern people have about AI?

(A) It slows down technological progress.
(B) It has no impact on daily life.
(C) It makes transportation less efficient.
(D) It may replace human jobs.

62) Which of the following is NOT mentioned in the passage as an area where AI is used?

(A) Healthcare
(B) Online shopping
(C) Space exploration
(D) Social media

63) What does the passage imply about AI's future?

(A) AI will continue to grow and impact daily life.
(B) AI will disappear in the coming years.
(C) AI will stop developing due to ethical concerns.
(D) AI will only be used for entertainment purposes.

64) Identify the most suitable title for the passage.

(A) The History and Development of AI
(B) How is AI Changing Our Lives
(C) AI and its Role in the Past
(D) The Negative Effects of AI

65) Select the most appropriate ANTONYM of 'essential'.

(A) Superfluous
(B) Scientific
(C) Regulated
(D) Customary

66) ત્રણ સળંગ એકી પૂર્ણાંક શોધો જેથી પ્રથમ પૂર્ણાંકના બમણા, બીજા પૂર્ણાંક અને ત્રીજા પૂર્ણાંકના ત્રણ ગણાનો સરવાળો 116 થાય

(A) 19, 21 અને 23
(B) 7, 9 અને 11
(C) 11, 13 અને 15
(D) 17, 19 અને 21

67) બે બુટની 6 સમાન જોડીની કિંમત ₹4,710 છે, તો આવા બુટની 11 જોડીની કિંમત કેટલી હશે?

(A) 8305
(B) 8745
(C) 8525
(D) 8635

68) મૂલ્યાંકન કરો : 8782-1222

(A) 756000
(B) 754000
(C) 755000
(D) 757000

69) બે સંખ્યાઓનો ગુણાકાર 13448 છે અને તેમનો ગુ.સા.અ. 82 છે તો તેમનો લ.સા.અ. શોધો.

(A) 173
(B) 161
(C) 164
(D) 157

70) એક અપૂર્ણાંકના અંશ અને છેદનો સરવાળો 65 છે. જો અંશમાં 2 ઉમેરવામાં આવે અને છેદમાંથી 2 બાદ કરવામાં આવે, તો 2/3 બને છે. તો તે અપૂર્ણાંક શોધો.

(A) 41/27 (B) 39/26
(C) 26/39 (D) 24/41

71) 1399 ×1399 નું મૂલ્ય કેટલું હશે ?

(A) 1957201 (B) 1947201
(C) 1937201 (D) 1927201

72) સમાંતર શ્રેણીના પહેલા 20 પદોનો સરવાળો શોધો,જેનું પ્રથમ પદ 2 અને સામાન્ય તફાવત ૩ હોય.

(A) 549 (B) 671
(C) 305 (D) 610

73) 12, 9, 6, ....., સમાંતર શ્રેણી 30 પદ કયું છે?

(A) -75 (B) -30
(C) -45 (D) -60

74) આપેલી 4 સંખ્યાઓની સરેરાશ 60 છે. આ ચાર પૈકીની પ્રથમ સંખ્યા બાકીની સંખ્યાઓના સરવાળાના ચોથા ભાગ જેટલી છે તો પ્રથમ સંખ્યા કેટલી હશે?

(A) 12 (B) 45
(C) 60 (D) 48

75) એક વર્ગમાં 20 છોકરા અને 30 છોકરીઓ ભણે છે. છોકરાઓની સરેરાશ ઊંચાઈ 150 સેન્ટીમીટર તથા છોકરીઓની સરેરાશ ઊંચાઈ 145 સેન્ટીમીટર છે. આખા વર્ગનાં છોકરા–છોકરીઓની સરેરાશ ઊંચાઈ કેટલી હશે?

(A) 147 (B) 147.5
(C) 148 (D) 148.5

76) 6 અવલોકનોનો મધ્યક 25 હોય, અને જ્યારે દરેક અવલોકનમાં અચળ 'C' ઉમેરવામાં આવે, તો મધ્યક 31 થાય છે. તો C નું મૂલ્ય છે.

(A) 3 (B) 6
(C) 2 (D) 12

77) જો એક શાળામાં 5760 વિદ્યાર્થીઓ હોય અને છોકરાઓ અને છોકરીઓની સંખ્યાનો ગુણોત્તર 37:35 હોય, તો તે શાળામાં છોકરાઓની સંખ્યા શોધો.

(A) 2962 (B) 2975
(C) 2949 (D) 2960

78) A, B અને C ની વચ્ચે ₹4,500 ની રકમ એવી રીતે વિભાજિત કરવામાં આવે છે કે, A નો હિસ્સો અને B અને C નો સંયુક્ત હિસ્સોએ 5:13 ના ગુણોત્તરમાં હોય છે અને C નો હિસ્સો અને A અને B નો સંયુક્ત હિસ્સોએ 7 : 8 ના ગુણોત્તરમાં હોય છે. B અને C ના હિસ્સા વચ્ચે ધનાત્મક તફાવત શું છે?

(A) 850 (B) 950
(C) 1000 (D) 970

79) ત્રણ મિત્રો A, B અને C એ 5:3:4 ના ગુણોત્તરમાં રકમનું રોકાણ કરીને એક વ્યવસાય શરૂ કર્યો. 6 મહિના પછી, B તેની મૂડીનો અડધો ભાગ ઉપાડી લે છે. જો A દ્વારા રોકાણ કરાયેલ રકમ *48,000 હોય, તો ₹78,000 ના કુલ વાર્ષિક નફામાં B નો હિસ્સો શોધો.

(A) 15440 (B) 14950

(C) 15400 (D) 15600

80) એક વોશિંગ મશીનની કિંમત ટીવીની કિંમત કરતા 50% ઓછી છે. જો વોશિંગ મશીનની કિંમત 64% નો વધારો થાય અને ટીવીની કિંમત 28% નો ઘટાડો થાય, તો 6 વોશિંગ મશીન અને 2 ટીવીની કુલ કિંમતમાં કેટલો ફેરફાર થશે?

(A) 30% નો ઘટાડો (B) 27% નો ઘટાડો

(C) 27.2% નો વધારો (D) 32% નો વધારો

81) અનિસુરે સાયકલ એવી કિંમતે વેચી જે સંજુએ તેના જેવી જ સાયકલ વેચી હતી તેના કરતાં 20% ઓછી કિંમતે છે. જો સંજુએ તેની સાયકલ ₹8,400 માં વેચી હોય, તો અનિસુરે તેની સાયકલ કેટલી કિંમતે વેચી?

(A) 10500 (B) 6000

(C) 6720 (D) 10080

82) એક દુકાનદાર પોતાની વસ્તુ ખરીદકિંમત પર જ વેચે છે. પરંતુ 1 કિગ્રાના સ્થાને 800 ગ્રામનો ઉપયોગ કરે છે તો નફાની ટકાવારી કેટલી?

(A) 0.2 (B) 0.1667

(C) 0.25 (D) આપેલ પૈકી એકપણ નહીં

83) એક ઉત્પાદક એક ઉત્પાદ જથ્થાબંધ વેપારીને 25% નફા પર વેચે છે. જથ્થાબંધ વેપારી, તે ઉત્પાદ છૂટક વેપારીને 68% નફા પર વેચે છે. અને છૂટક વેપારી, તે ઉત્પાદ ગ્રાહકને 25% નફા પર વેચે છે. જો ગ્રાહક ₹714 ચૂકવે છે, તો ઉત્પાદક માટે પડતર કિંમત (₹માં) શોધો.

(A) 270 (B) 272

(C) 274 (D) 271

84) એક વ્યક્તિએ એક વસ્તુને તેની છાપેલી કિંમત પર પ્રથમ d% વળતર આપીને ₹998 માં વેચી અને પછી સમાન નજીવી કિંમત (₹માં) નું બીજું ડિસ્કાઉન્ટ આપે છે. જો વસ્તુની છાપેલી કિંમત ₹1,996 હોય, તો d ની કિંમત કેટલી છે?

(A) 25 (B) 29

(C) 22 (D) 20

85) એક રકમ સાદા વ્યાજે 4 વર્ષ માટે ચોક્કસ દરે મૂકવામાં આવેલ પરંતુ જો 2% વધુ વ્યાજે તે રકમ મૂકવામાં આવી હોત તો ₹56 વધુ મળત, તો મૂળ રકમ શોધો.

(A) 500 (B) 600

(C) 700 (D) 800

86) જો વ્યાજ 6 મહિને ગણવામાં આવતું હોય તો 10% વ્યાજ દરે કેટલા સમયમાં ₹1600 નું વ્યાજ મુદ્દલ ₹1944.81 થશે?

(A) 2.5 વર્ષ (B) 2 વર્ષ

(C) 3 વર્ષ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

87) 77 લિટર મિશ્રણમાં દૂધ અને પાણીનો ગુણોત્તર 9:2 છે તો આ ગુણોત્તરને 1:1 બનાવવા માટે, મિશ્રણમાં કેટલું પાણી ઉમેરવું તે શોધો.

(A) 52 (B) 49

(C) 40 (D) 47

88) 6 બેગ અને 13 પેનની કિંમત ₹916 છે. જ્યારે 5 બેગ અને 10 પેન મળીને કુલ કિંમત 740 થાય છે. તો 6 બેગની કિંમત 19 પેનની કિંમત કરતાં કેટલી વધારે હશે?

(A) 22 (B) 16

(C) 19 (D) 20

89) 10 વર્ષ પહેલા જેકની ઉંમર સીમાની ઉંમર કરતા અડધી હતી. હવે તેમની ઉંમરનો સરવાળો 56 વર્ષ છે. તો જેકની હાલની ઉંમર શોધો.

(A) 22 વર્ષ (B) 12 વર્ષ

(C) 34 વર્ષ (D) 24 વર્ષ

90) A, B અને C મળીને એક કામ 14 દિવસમાં પૂર્ણ કરી શકે છે, જ્યારે A એકલો 28 દિવસમાં અને C એકલો 42 દિવસમાં પૂર્ણ કરી શકે છે. તો B એકલો કેટલા સમયમાં કાર્ય પૂર્ણ કરી શકે છે?

(A) 68 દિવસ (B) 96 દિવસ

(C) 72 દિવસ (D) 84 દિવસ

=====================**PART-B**======================

91) ક્યું સોફ્ટવેર કમ્પ્યુટર હાર્ડવેર અને યુઝર વચ્ચે સેતુ તરીકે કામ કરે છે?
(A) Application (B) Utility
(C) Operating System (D) Driver

92) Incognito Mode' માં બ્રાઉઝર શું સ્ટોર કરતું નથી?
(A) બ્રાઉઝિંગ હિસ્ટ્રી (B) આઈપી એડ્રેસ
(C) બુકમાર્ક (D) વિડિયો

93) કમ્પ્યુટરમાં સમય અને તારીખ જાળવી રાખવા કયો સેલ વપરાય છે?
(A) BIOS (B) COMS
(C) RAM (D) ROM

94) Metaverse' એટલે શું?
(A) નવું સોફ્ટવેર (B) વર્ચ્યુઅલ દુનિયા
(C) હાર્ડવેર ચીપ (D) ફેસબુકનું નામ

95) Excel માં પિવોટ ટેબલ (Pivot Table) નો મુખ્ય હેતુ શું છે?
(A) ડેટા એન્ટ્રી (B) ડેટા સબમિટ
(C) ડેટા એનાલિસિસ (D) ગ્રાફ બનાવવા

96) API' નો ઉપયોગ શેના માટે થાય છે?
(A) હાર્ડવેર રિપેર કરવા (B) બે એપ્લિકેશન વચ્ચે સંવાદ માટે
(C) કમ્પ્યુટર ફોર્મેટ કરવા (D) માઉસ ચલાવવા

97) SSD' નું પૂરું નામ શું છે?
(A) Stati(C) Serial Drive (B) Soli(D) State Drive
(C) Smart Storage Device (D) Silver State Disk

98) Excel માં કરંટ ડેટ (આજની તારીખ) ઉમેરવાની શોર્ટકટ કી કઈ છે?
(A) Ctrl+; (B) Ctrl + :
(C) Ctrl + T (D) Alt + D

99) નીચેનામાંથી કયું 'Cloud Storage' નું ઉદાહરણ નથી?
(A) Google Drive (B) Dropbox
(C) OneDrive (D) Monitor

100) બે અલગ-અલગ પ્રોટોકોલ ધરાવતા નેટવર્કને જોડવા માટે શું વપરાય છે?
(A) Gateway (B) Bridge
(C) Switch (D) Hub

101) IOT' નું પૂરું નામ શું છે?
(A) Internet of Task (B) Internet of Things
(C) Input of Things (D) Inter-office Tool

102) Disk Defragmenter' નો ઉપયોગ શું છે?

(A) વાયરસ દૂર કરવા
(B) ફ્રી સ્પેસ વધારવા
(C) ફાઈલોને વ્યવસ્થિત કરવા
(D) નવી ફાઈલ બનાવવા

103) PDF ફાઈલને કયા બ્રાઉઝરમાં ખોલી શકાય છે?

(A) Chrome
(B) Edge
(C) Firefox
(D) આપેલ તમામ

104) Blue Screen of Death' (BSOD) ક્યારે જોવા મળે છે?

(A) ગેમ રમતી વખતે
(B) સિસ્ટમની ગંભીર એરર આવે ત્યારે
(C) ઈમેલ આવે ત્યારે
(D) પ્રિન્ટિંગ વખતે

105) MS Word માં 'Thesaurus' ટૂલનો ઉપયોગ શેના માટે થાય છે?

(A) સ્પેલિંગ ચેક
(B) પર્યાય શબ્દો શોધવા
(C) ગ્રામર ચેક
(D) ચિત્ર ઉમેરવા

106) સોશિયલ મીડિયા પર 'Hashtag' (#) નો મુખ્ય ઉપયોગ શું છે?

(A) ફોટા એડિટ કરવા
(B) કીવર્ડને ટ્રેક/ફિલ્ટર કરવા
(C) પાસવર્ડ બનાવવા
(D) અકાઉન્ટ લોક કરવા

107) ઓપરેટિંગ સિસ્ટમનું મુખ્ય કેન્દ્ર (Core) કયું છે?

(A) Shell
(B) Kernel
(C) Desktop
(D) Task Manager

108) Spooling' શબ્દ કોની સાથે સંકળાયેલો છે?

(A) કીબોર્ડ
(B) પ્રિન્ટર
(C) માઉસ
(D) મોનિટર

109) Blockchain' ટેકનોલોજીનો મુખ્ય ઉપયોગ શેમાં થાય છે?

(A) ગેમિંગ
(B) ક્રિપ્ટોકરન્સી / સુરક્ષા
(C) પ્રિન્ટિંગ
(D) ઈમેલ

110) વિશ્વનું સૌથી મોટું નેટવર્ક કયું છે?

(A) LAN
(B) MAN
(C) Internet
(D) VPN

111) ગૂગલ ડ્રાઇવ (Google Drive) માં ફ્રી યુઝરને કેટલી સ્ટોરેજ સ્પેસ મળે છે?

(A) 5 GB
(B) 10 GB
(C) 15 GB
(D) 50 GB

112) PDF' માંથી લખાણ કોપી કરવા માટે કયું ટૂલ વપરાય છે?

(A) Snipping Tool
(B) OCR
(C) Translate
(D) Zoom

113) પાવરપોઈન્ટમાં સ્લાઈડની ડુપ્લીકેટ બનાવવા માટે કઈ કી વપરાય છે?

(A) Ctrl + N
(B) Ctrl + D
(C) Ctrl + M
(D) Ctrl + K

114) Volatile' મેમરીનું ઉદાહરણ કયું છે?

(A) Hard Disk
(B) RAM
(C) ROM
(D) Flash Drive

115) નેટવર્ક સિક્યુરિટીમાં 'Encryption' એટલે શું?

(A) પાસવર્ડ પ્રોટેક્ટ કરવા
(B) ડેટાને ગુપ્ત કોડમાં ફેરવવો
(C) નેટવર્ક સુરક્ષા કરવા
(D) હેકરથી બચવા માટે

116) E-commerce' માં 'B2B' નો અર્થ શું છે?

(A) Business to Buyer
(B) Business to Business
(C) Basic to Basic
(D) Buy to Buy

117) Deep Learning' એ કોનો પેટા-પ્રકાર છે?

(A) નેટવર્કિંગ
(B) મશીન લર્નિંગ
(C) રોબોટિક્સ
(D) પ્રોગ્રામિંગ

118) MS Word માં એક જ ફાઈલને બે અલગ ભાગમાં જોવા માટે કયા ઓપ્શનનો ઉપયોગ થાય છે?

(A) Merge
(B) Split
(C) Break
(D) Dual View

119) SMPS' નું પૂરું નામ શું છે?

(A) Switch Mode Power Supply
(B) Simple Main Power Sys.
(C) Smart Power Supply
(D) Single Mode Power

120) BCC નો ઇમેઇલમાં અર્થ શું થાય છે?

(A) Basic Client Copy
(B) Blind Carbon Copy
(C) Business Carbon Copy
(D) Bold Carbon Copy

121) Excel માં ડેટા વેલિડેશન (Data Validation) કયા ટેબમાં હોય છે?

(A) Home
(B) Insert
(C) Data
(D) Formula

122) MS Word માં લખાણના કેસ (Case) બદલવા માટે કઈ શોર્ટકટ કી છે?

(A) Shift + F3
(B) Ctrl + F3
(C) Alt + F3
(D) Ctrl + Shift +C

123) CMOS' બેટરી ખલાસ થઈ જાય તો કમ્પ્યુટરમાં શું ફેરફાર થાય?

(A) કમ્પ્યુટર ચાલુ ન થાય
(B) સમય અને તારીખ ખોટા આવે
(C) માઉસ કામ ન કરે
(D) પ્રિન્ટ ન થાય

124) કયા પ્રકારની ઈમેજને ગમે તેટલી મોટી કરવા છતાં તે ફાટતી (Pixelate) નથી?

(A) Raster Image
(B) Vector Image
(C) Bitmap Image
(D) JPEG

125) OSI મોડેલમાં કુલ કેટલા લેયર્સ (Layers) હોય છે?

(A) 5
(B) 6
(C) 7
(D) 8

126) Zero-Day Vulnerability' એટલે શું?

(A) જૂની એરર
(B) એવી ખામી જેની જાણ હજુ ડેવલપરને નથી
(C) વાયરસ સ્કેનર
(D) નેટવર્ક સ્પીડ

127) ક્યો AI રોબોટ સોફિયા (Sophia) તરીકે ઓળખાય છે?

(A) હ્યુમનોઇડ રોબોટ
(B) કાર રોબોટ
(C) ઇન્ડસ્ટ્રિયલ રોબોટ
(D) ડ્રોન

128) GUI' નું પૂરું નામ શું છે?

(A) Global User Info
(B) Graphical User Interface
(C) General User Interface
(D) Group User Index

129) કમ્પ્યુટર સમજી શકે તેવી ભાષા (0 અને 1) ને શું કહેવાય?

(A) High Level
(B) Machine Language
(C) Python
(D) Scripting

130) ક્યા ઈમેજ ફોર્મેટમાં બેકગ્રાઉન્ડ પારદર્શક (Transparent) રાખી શકાય છે?

(A) JPG
(B) PNG
(C) BMP
(D) TIFF

131) Cookies' નો મુખ્ય હેતુ શું છે?

(A) વાયરસ ફેલાવવો
(B) યુઝરની પસંદગી સ્ટોર કરવી
(C) સ્પીડ વધારવી
(D) હેકિંગ અટકાવવું

132) કઈ પ્રક્રિયા મેમરીમાંથી બિનજરૂરી ડેટા દૂર કરે છે?

(A) Booting
(B) Swapping
(C) Garbage Collection
(D) Formatting

133) Proxy Server' નો મુખ્ય ઉપયોગ શું છે?

(A) નેટવર્ક સિક્યોરિટી વધારવા
(B) સુરક્ષા અને અનામી રહેવા
(C) IP એડ્રેસ માસ્ક કરવા
(D) ઉપરના બધાજ

134) LIFO' (Last In First Out) સિદ્ધાંત કયા ડેટા સ્ટ્રક્ચરમાં વપરાય છે?

(A) Queue
(B) Stack
(C) Array
(D) Tree

135) પ્રોગ્રામિંગમાં 'Syntax' એટલે શું?

(A) પ્રોગ્રામનો લોજિક
(B) ભાષાના વ્યાકરણના નિયમો
(C) પ્રોગ્રામની ઝડપ
(D) આઉટપુટનું નામ

136) નીચેનામાંથી કયું વેબ બ્રાઉઝર નથી?

(A) Chrome
(B) Edge
(C) Google
(D) Safari

137) Excel માં કુલ કેટલી રો (Rows) હોય છે (2007 પછી)?

(A) 65536
(B) 1048576
(C) 100000
(D) 524288

138) કયું ડેટા સ્ટ્રક્ચર 'Non-Linear' પ્રકારનું છે?
(A) Array
(B) Stack
(C) Tree
(D) Queue

139) ઇન્ટરનેટ પર થતી ગેરકાયદેસર પ્રવૃત્તિને શું કહેવાય?
(A) Cyber Crime
(B) Digital War
(C) Net Fraud
(D) We(B) Hacking

140) HTTP' માં 'S' નો અર્થ શું થાય છે (HTTPS)?
(A) Simple
(B) Secure
(C) System
(D) Standard

141) Gmail માં એકસાથે કેટલી સાઈઝની ફાઈલ એટેચમેન્ટ તરીકે મોકલી શકાય છે?
(A) 10 MB
(B) 15 MB
(C) 25 MB
(D) 50 MB

142) ભારતનું પ્રથમ સુપર કમ્પ્યુટર કયું છે?
(A) PARAM 8000
(B) PRATYUSH
(C) AGNI
(D) ARYA

143) Ethernet' કેબલમાં કયા કનેક્ટરનો ઉપયોગ થાય છે?
(A) RJ-11
(B) RJ-45
(C) USB
(D) HDMI

144) BIOS' કમ્પ્યુટરની કઈ ચીપમાં સ્ટોર થયેલું હોય છે?
(A) RAM
(B) Cache
(C) ROM
(D) Processor

145) લિંક્ડ લિસ્ટમાં છેલ્લો નોડ કોને પોઈન્ટ કરે છે?
(A) First Node
(B) Head Node
(C) NULL
(D) Previous Node

146) Web 3.0' નો મુખ્ય આધાર કઈ ટેકનોલોજી છે?
(A) Central Server
(B) Blockchain
(C) HTML 1.0
(D) Java

147) Virtual Memory' ક્યાં સંગ્રહિત થાય છે?
(A) RAM માં
(B) ROM માં
(C) Har(D) Disk પર
(D) CPU માં

148) PDF' નું પૂરું નામ શું છે?
(A) Personal Document Format
(B) Portable Document Format
(C) Portable Document File
(D) Photo Data Format

149) Phishing' એટલે શું?
(A) માછલી પકડવી
(B) ડેટા ચોરી કરવાની છેતરપિંડી
(C) વાયરસ સ્કેનિંગ
(D) ઈમેલ મોકલવો

150) ઇન્ટરનેટ પર 'Botnet' શું છે?
(A) નેટવર્કિંગ ડિવાઇસ
(B) હેક થયેલા કમ્પ્યુટરનું નેટવર્ક
(C) નવું સર્ચ એન્જિન
(D) ડેટાબેઝ ટાઈપ

151) ગૂગલ સર્ચમાં કોઈ ચોક્કસ શબ્દ શોધવા માટે કયા ચિહ્નનો ઉપયોગ થાય છે?
(A) # (Hashtag)
(B) "" (Quotation marks)
(C) @ (At)
(D) $ (Dollar)

152) કમ્પાઈલર (Compiler) નો મુખ્ય ઉપયોગ શું છે?
(A) લાઇન-બાય-લાઇન અનુવાદ
(B) આખા પ્રોગ્રામનો એકસાથે અનુવાદ
(C) પ્રોગ્રામમાં error autocorrect કરવા
(D) ઉપરના એકપણ નહીં

153) કયું નેટવર્ક ડિવાઇસ 'Intelligent Hub' તરીકે ઓળખાય છે?
(A) Repeater
(B) Bridge
(C) Switch
(D) Router

154) કઈ કેબલ ટેકનોલોજીમાં ડેટા પ્રકાશના વેગે (Speed of Light) મુસાફરી કરે છે?
(A) Coaxial
(B) Twiste(D) Pair
(C) Fiber Optic
(D) Copper Wire

155) Ethics' ને અનુસરીને ખામીઓ શોધતા હેકર્સને કયા નામે ઓળખવામાં આવે છે?
(A) Black Hat
(B) White Hat
(C) Grey Hat
(D) Red Hat

156) નેટવર્કના નેટવર્કને શું કહેવામાં આવે છે?
(A) Intranet
(B) Extranet
(C) Internet
(D) LAN

157) IP Address' માં 'IP' નું પૂરું નામ શું છે?
(A) Inner Protocol
(B) Internet Protocol
(C) Info Path
(D) Inter Portal

158) ChatGPT' કઈ કંપની દ્વારા બનાવવામાં આવ્યું છે?
(A) Google
(B) Microsoft
(C) OpenAI
(D) Meta

159) QR Code માં 'QR' નો અર્થ શું થાય છે?
(A) Quality Response
(B) Quick Response
(C) Query Result
(D) Quick Register

160) Bad Sector' શબ્દ કયા સ્ટોરેજ ડિવાઇસ સાથે જોડાયેલ છે?
(A) RAM
(B) Hard Disk
(C) Pendrive
(D) Monitor

161) FAT' નું પૂરું નામ શું છે (ફાઈલ સિસ્ટમ)?
(A) File Allocation Table
(B) File Access Tape
(C) File Auto Task
(D) Fast Access Table

162) ગૂગલની કઈ એપનો ઉપયોગ ઓનલાઈન સર્વે કે ક્વિઝ બનાવવા માટે થાય છે?

(A) Google Sheets (B) Google Forms
(C) Google Docs (D) Google Slides

163) પ્રોગ્રામમાં રહેલી ભૂલ (Error)ને શું કહેવામાં આવે છે?

(A) Debug (B) Bug
(C) Virus (D) Crash

164) કયા સ્ટોરેજ ડિવાઇસમાં 'Moving Parts' (હલનચલન કરતા ભાગો) હોતા નથી?

(A) HDD (B) SSD
(C) CD-ROM (D) Floppy Disk

165) Air-Gapped' કમ્પ્યુટર એટલે શું?

(A) જે Infraredથી જોડાયેલ હોય (B) જે ઇન્ટરનેટ કે નેટવર્કથી જોડાયેલ ન હોય
(C) જે WIFIથી જોડાયેલ હોય (D) જે બ્લૂટૂથથી જોડાયેલ હોય

166) Excel માં કોઈ ચોક્કસ કન્ડિશન મુજબ સેલને કલર કરવા કયો ઓપ્શન વપરાય છે?

(A) Filter (B) Sorting
(C) Conditional Formatting (D) Validation

167) કમ્પ્યુટરમાં 'Cache Memory' ક્યાં આવેલી હોય છે?

(A) RAM માં (B) Hard Disk માં
(C) CPU માં (D) ROM માં

168) IPv6 એડ્રેસ કેટલા બીટનું બનેલું હોય છે?

(A) 32 Bits (B) 64 Bits
(C) 128 Bits (D) 256 Bits

169) કમ્પ્યુટરમાં કાયમી સંગ્રહ માટે કઈ મેમરી વપરાય છે?

(A) RAM (B) Cache
(C) ROM/HDD (D) Registers

170) બ્રાઉઝરમાં છેલ્લે બંધ થયેલું ટેબ (Tab) ફરી ખોલવા માટેની શોર્ટકટ કી કઈ છે?

(A) Ctrl + T (B) Ctrl + Shift + T
(C) Ctrl + R (D) Alt + T

171) Ctrl + Shift + Esc' શોર્ટકટ કી થી શું ખૂલે છે?

(A) Start Menu (B) Control Panel
(C) Task Manager (D) System Info

172) Cloud Computing' માં 'SaaS' નું પૂરું નામ શું છે?

(A) Software as a Service (B) System as a Service
(C) Storage as a Service (D) Smart as a Service

173) 'WWW' ના શોધક કોણ છે?

(A) Bill Gates (B) Tim Berners-Lee
(C) Mark Zuckerberg (D) Larry Page

174) કમ્પ્યુટર પ્રોસેસરની ઝડપ શેમાં માપવામાં આવે છે?
(A) Mbps (B) Hertz (GHz)
(C) KB (D) Nano Seconds

175) ગૂગલ ડ્રાઇવમાં કઈ ફાઈલ એડિટ કરતી વખતે ફેરફારો આપોઆપ સેવ થાય છે?
(A) બધી જ ફાઈલો (B) માત્ર વર્ડ ફાઈલ
(C) માત્ર પીડીએફ (D) કોઈ પણ નહીં

176) VPN' નું પૂરું નામ જણાવો.
(A) Virtual Private Network (B) Virtual Public Network
(C) Very Protected Node (D) Virtual Port Network

177) કઈ ઓપરેટિંગ સિસ્ટમ 'Open Source' સોફ્ટવેરનું ઉદાહરણ છે?
(A) Windows 10 (B) MacOS
(C) Linux (D) Windows 11

178) કમ્પ્યુટર પ્રોગ્રામમાં તાર્કિક નિર્ણય લેવા માટે કયું સ્ટેટમેન્ટ વપરાય છે?
(A) if-else (B) for loop
(C) printf (D) break

179) કમ્પ્યુટરની મેમરી માપવાનો સૌથી મોટો એકમ નીચેનામાંથી કયો છે?
(A) Terabyte (TB) (B) Petabyte (PB)
(C) Yottabyte (YB) (D) Zettabyte (ZB)

180) MS Access એ કયા પ્રકારનું સોફ્ટવેર છે?
(A) Word Processor (B) Spreadsheet
(C) Database (DBMS) (D) Presentation

181) Bluetooth' કીબોર્ડ અને માઉસ કયા તરંગો પર કામ કરે છે?
(A) Infrared (B) Radio Waves
(C) Light Waves (D) Sound Waves

182) ઇન્ટરનેટ પર ફાઈલ ટ્રાન્સફર કરવા માટે કયો પ્રોટોકોલ છે?
(A) SMTP (B) FTP
(C) HTTP (D) IP

183) કીબોર્ડ પર 'Home' કી દબાવવાથી કર્સર ક્યાં જાય છે?
(A) ડોક્યુમેન્ટની શરૂઆતમાં (B) લાઈનની શરૂઆતમાં
(C) ફાઈલના અંતમાં (D) ડેસ્કટોપ પર

184) કયા પ્રકારનો વાયરસ પોતાની જાતે પોતાની નકલ (Replicate) બનાવી આખા નેટવર્કને જામ કરી દે છે?
(A) Trojan (B) Worm
(C) Spyware (D) Adware

185) HTTPS' માં 'S' નો અર્થ શું થાય છે?
(A) Simple (B) Secure
(C) Software (D) Speed

186) Cache Memory' ક્લિયર કરવાથી બ્રાઉઝરમાં શું ફેર પડે છે?

(A) ઇન્ટરનેટ ચાલુ થાય
(B) લેટેસ્ટ ડેટા લોડ થાય
(C) પાસવર્ડ બદલાય
(D) કમ્પ્યુટર હેંગ ન થાય

187) ડેટાબેઝમાંથી માહિતી મેળવવા માટે કઈ લેંગ્વેજ વપરાય છે?

(A) HTML
(B) SQL
(C) CSS
(D) PHP

188) Google Drive' માં ફાઈલ શેર કરતી વખતે 'Editor' પરમિશનનો અર્થ શું થાય?

(A) માત્ર જોઈ શકે
(B) ફાઈલમાં સુધારો કરી શકે
(C) માત્ર ડાઉનલોડ કરે
(D) કોઈ નહીં

189) Array' એટલે શું?

(A) અલગ અલગ ડેટાનો સમૂહ
(B) સમાન ડેટા ટાઈપનો સમૂહ
(C) અલગ અલગ માહિતીનો સમૂહ
(D) ડેટાબેઝ

190) Li-Fi' ટેક્નોલોજીમાં ડેટા ટ્રાન્સમિટ કરવા માટે શેનો ઉપયોગ થાય છે?

(A) Radio Waves
(B) Light (LED)
(C) Sound
(D) Infrared

191) USB' નું પૂરું નામ શું છે?

(A) United Serial Bus
(B) Universal Serial Bus
(C) Unique System Bus
(D) Unit Serial Board

192) ડેટાને ફિલ્ટર અને સોર્ટ કરવા માટે કયા સોફ્ટવેરનો ઉપયોગ થાય છે?

(A) MS Word
(B) MS Excel
(C) MS Paint
(D) Notepad

193) લખાણને 'Permanent Delete' (Recycle Bin માં મોકલ્યા વગર) કરવા શું વપરાય છે?

(A) Delete
(B) Shift + Delete
(C) Ctrl + Delete
(D) Alt + Delete

194) Bluetooth' એ કયા પ્રકારના નેટવર્કનું ઉદાહરણ છે?

(A) LAN
(B) MAN
(C) PAN
(D) WAN

195) કયું પ્રિન્ટર સૌથી વધુ ઝડપથી પ્રિન્ટ કરે છે?

(A) Inkjet
(B) Dot Matrix
(C) Laser
(D) Plotter

196) Blu-ray' ડિસ્કની સ્ટોરેજ ક્ષમતા કેટલી હોય છે?

(A) 700 MB
(B) 4.7 GB
(C) 25 G(B) TO 50 GB
(D) 1 TB

197) VLAN' માં "V" નો અર્થ શું થાય છે?

(A) Very
(B) Virtual
(C) Visual
(D) Video

.98) Wi-Fi' નું પૂરું નામ શું છે?

(A) Wireless Field (B) Wireless Fidelity

(C) Wire(D) Fiber (D) Wide Fidelity

L99) સોફ્ટવેરના નાના પ્રોગ્રામ જે બગ સુધારવા વપરાય છે તેને શું કહેવાય?

(A) Update (B) Patch

(C) Driver (D) Setup

200) Python' એ કયા પ્રકારની લેંગ્વેજ છે?

(A) Compiled (B) Interpreted

(C) Low Level (D) Machine

201) કમ્પ્યુટરમાં 'Clipboard History' જોવા માટે કઈ કી વપરાય છે?

(A) Win + C (B) Win + V

(C) Win + H (D) Alt + V

202) OCR' નું પૂરું નામ શું છે?

(A) Optical Character Recognition (B) Online Code Reader

(C) Only Code Result (D) Office Code Run

203) Safe Mode' નો મુખ્ય ઉપયોગ શું છે?

(A) ગેમ્સ રમવા (B) સિસ્ટમની ભૂલો સુધારવા

(C) ઇન્ટરનેટ ચલાવવા (D) પ્રિન્ટ કરવા

204) IoT' (Internet of Things) માં કયા પ્રોટોકોલનો ઉપયોગ થાય છે?

(A) MQTT (B) HTTP

(C) FTP (D) SMTP

205) Malware' નું પૂરું નામ શું છે?

(A) Malicious Software (B) Multi Software

(C) Main Software (D) Mal-function Ware

206) ડિજિટલ ઈમેજનો સૌથી નાનો ઘટક કયો છે?

(A) ડોટ (B) પિક્સેલ (Pixel)

(C) બીટ (D) સ્પોટ

207) કમ્પ્યુટરને શરૂ કરવાની પ્રક્રિયાને શું કહેવામાં આવે છે?

(A) Starting (B) Loading

(C) Booting (D) Executing

208) DDOS' હુમલાનું પૂરું નામ શું છે?

(A) Direct Data of Service (B) Distributed Denial of Service

(C) Digital Data of Security (D) Disk Drive of System

209) Encryption' પ્રક્રિયામાં સાદા લખાણને (Plain Text) શેમાં ફેરવવામાં આવે છે?

(A) Clear Text
(B) Cipher Text
(C) Raw Data
(D) Digital Data

210) નીચેના માંથી કઈ ભાષા 'Low Level Language'?

(A) Python
(B) Java
(C) Assembly Language
(D) C++

# શ્રી બોડેલી વિભાગ કેળવણી મંડળ, બોડેલી સંચાલિત

# શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ & કોમર્સ કોલેજ, બોડેલી

## Computer Programmer વર્ગ-3 બિન અનામત (OPEN)ની લેખિત પરીક્ષા

**ANSWER KEY**

પેપર કોડ : D

| Q | ANS | Q | ANS | Q | ANS | Q | ANS | Q | ANS | Q | ANS |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | A | 36) | C | 71) | A | 106) | B | 141) | C | 176) | A |
| 2) | B | 37) | C | 72) | D | 107) | B | 142) | A | 177) | C |
| 3) | C | 38) | B | 73) | A | 108) | B | 143) | B | 178) | A |
| 4) | D | 39) | B | 74) | D | 109) | B | 144) | C | 179) | C |
| 5) | D | 40) | C | 75) | A | 110) | C | 145) | C | 180) | C |
| 6) | B | 41) | C | 76) | B | 111) | C | 146) | B | 181) | B |
| 7) | C | 42) | A | 77) | D | 112) | B | 147) | C | 182) | B |
| 8) | B | 43) | B | 78) | B | 113) | B | 148) | B | 183) | B |
| 9) | B | 44) | B | 79) | D | 114) | B | 149) | B | 184) | B |
| 10) | D | 45) | C | 80) | C | 115) | B | 150) | B | 185) | B |
| 11) | C | 46) | B | 81) | C | 116) | B | 151) | B | 186) | B |
| 12) | B | 47) | C | 82) | C | 117) | B | 152) | B | 187) | B |
| 13) | B | 48) | B | 83) | B | 118) | B | 153) | C | 188) | B |
| 14) | A | 49) | C | 84) | A | 119) | A | 154) | C | 189) | B |
| 15) | C | 50) | A | 85) | C | 120) | B | 155) | B | 190) | B |
| 16) | C | 51) | D | 86) | B | 121) | C | 156) | C | 191) | B |
| 17) | B | 52) | B | 87) | B | 122) | A | 157) | B | 192) | B |
| 18) | C | 53) | B | 88) | D | 123) | B | 158) | C | 193) | B |
| 19) | D | 54) | D | 89) | A | 124) | B | 159) | B | 194) | C |
| 20) | B | 55) | C | 90) | D | 125) | C | 160) | B | 195) | C |
| 21) | A | 56) | B | 91) | C | 126) | B | 161) | A | 196) | C |
| 22) | B | 57) | C | 92) | A | 127) | A | 162) | B | 197) | B |
| 23) | D | 58) | A | 93) | B | 128) | B | 163) | B | 198) | B |
| 24) | B | 59) | B | 94) | B | 129) | B | 164) | B | 199) | B |
| 25) | D | 60) | C | 95) | C | 130) | B | 165) | B | 200) | B |
| 26) | C | 61) | D | 96) | B | 131) | B | 166) | C | 201) | B |
| 27) | A | 62) | C | 97) | B | 132) | C | 167) | C | 202) | A |
| 28) | B | 63) | A | 98) | A | 133) | D | 168) | C | 203) | B |
| 29) | D | 64) | B | 99) | D | 134) | B | 169) | C | 204) | A |
| 30) | A | 65) | A | 100) | A | 135) | B | 170) | B | 205) | A |
| 31) | A | 66) | D | 101) | B | 136) | D | 171) | C | 206) | B |
| 32) | C | 67) | D | 102) | C | 137) | B | 172) | A | 207) | C |
| 33) | D | 68) | A | 103) | D | 138) | C | 173) | B | 208) | B |
| 34) | D | 69) | C | 104) | 8 | 139) | A | 174) | B | 209) | B |
| 35) | A | 70) | D | 105) | B | 140) | B | 175) | A | 210) | C |